647510 **MA0GujCC1010** **Seat No :________**

# M.A. (GUJARATI) Semester - 1 (*CBCS*) Examination
## Feb/Mar. -2021 (NEW COURSE)
## BHASHA KAUSHAL(CORE)

**Time: 1:30 Hours** **Marks: 42**

**Instructions:**

1. Figures to the right indicate marks.
2. There are five questions in the question paper.
3. Answer any three of the following questions.

---

પ્રશ્ન.૧ નીચેના આપેલાં કાવ્યનું રસદર્શન કરાવો. (૧૪)

ધોમ ધખ્યાની વેળા
ધરા ઉપર લઈ ઠેક, રુદ્રની તાણ્ડવ-નર્તન ખેલા.
હમ્‌ બમ્‌ નાદે ઘૂમે વાયરા
વેગ વધાર્યો જોજો
ફરકે એના ધૂલિ- ઉપરણા
અગાધ ખુલ્લા વ્યોમે
ઉપરની એવી અગન લગી તે લગન મહી રે ઘેલાં.
દિગન્ત કાંચિ ઝળહળતી
કડીએ કડીએ જ્વાળા,
ઝાળમહીંથી એના તાતા
છૂટે તેજના ભાલા
બધાય ફટક્યા રંગ, વિવશ તે એક મહીં છે ભેળા.

- રાજેન્દ્ર શાહ.

પ્રશ્ન.૨ નીચેના ગદ્યખંડનું સારલેખન કરો. (૧૪)

"કોઈ માને કે ન માને પરંતુ મોટા ભાગની વ્યક્તિઓ મૌલિક વિચારો ધરાવતી હોય છે. જેવી રીતે માનવીનો ચહેરો મૌલિક હોય છે, તેવી રીતે તેના વિચારો પણ મૌલિક હોય છે. માનવીમાં એવી છૂપી શક્તિ પડી છે કે તેનો થોડો ઘણો ઉપયોગ કરવામાં આવે તો પણ તે મોટાં કામો કરી શકે છે, પણ માનવીમાં પડેલા પૂર્વગ્રહો અને ખોટા સંસ્કારો તેની શક્તિને દાબી રાખે છે. આવા માણસો વિચાર કરે છે. પણ અમલ કરતાં નથી. અમલ કરે તો કાં તો ઉતાવળ કરે છે અથવા ઢીલ કરે છે. આવા માણસો કાયમ અધકચરા વિચાર કરે છે અસ્પષ્ટ રહે છે અને લઘુતાગ્રંથિથી પીડાય છે આવી આડખીલીઓ સમજપૂર્વક દૂર કરવામાં આવે તો તેના વિચારો તેના માટે મહામૂલી મૂડી બની જાય છે." -મોહમ્મદ માંકડ.

પ્રશ્ન.3 નીચેના ગદ્યખંડનું વિવરણ કરો. (૧૪)

"સાચો શિક્ષક કદી વિદ્યાર્થી મટતો નથી. જ્ઞાનનું ક્ષેત્ર સદા વિસ્તરતું રહે છે. આથી તેમાં જૂની મૂડી ઉપર વેપલો ખેડી શકાય નહીં. સાહિત્યનાં શિક્ષકની યોગ્યતાની પહેલી શરત એ કે તે સાહિત્યનો સાચો વ્યાસંગી હોવો જોઈએ. સાહિત્યના આગળ વર્ણવેલા, મૂલ્યને પારખીને એની ઉચિત પરીક્ષા કરવી, એના ભાવિ વિકાસની શક્યતાઓ તરફ પોતાની સૂગના બળે અંગુલિનિર્દેશ કરવો, એટલુ જ નહિ, પણ એ- શક્યતાઓ ચરિતાર્થ થાય તેને માટેની અનુકૂળ આબોહવા સર્જવામાં પોતાની અધ્યાપન પ્રવૃતિને, ઉપકારક નીવડે એવી રીતે પ્રયોજવી એને એ પોતાનો ધર્મ માનતો હોવો જોઈએ."

-સુરેશ જોષી.

પ્રશ્ન.૪ છંદ એટલે શું? તે સમજાવી તેના બંધારણ અને પ્રકારોની ચર્ચા કરો. (૧૪)

પ્રશ્ન.૫ નીચે આપેલા અ અને બ વિભાગ માંથી એક-એક વિશે નોંધ લખો. (૧૪)

(અ)

1. શિખરણી અને મંદાક્રાન્તા છંદનું બંધારણ ઉદાહરણ આપી સમજાવો.
2. ઉત્પ્રેક્ષા અને સજીવારોપણ અલંકાર વિશે ઉદાહરણ આપી સમજાવો.

(બ)

1. જોડણી વિચાર એટલે શું? તેના પ્રકારો ચર્ચો.
2. પ્રૂફરીડિંગ એટલે શું? પ્રૂફના પ્રકારોની ચર્ચા કરો.

******************************